# શ્રી શત્રુંજય – મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

શ્રી શત્રુંજય-મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

**દ્વિતીય વર્ષ અભ્યાસક્રમ-૯**

ફેબ્રુઆરી ૨૦૨૨

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

---

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. અંગોપાંગ નામકર્મ જુદા જુદા ............................ રચના કરે.
૨. ........................ પ્રમાણે તેઓ અધ્યયન અધ્યાપનમાં લાગ્યા.
૩. ........................ નદીઓ સાથે સીતા અને સીતોદા વહે છે.
૪. તપના બળના.................... જેમના કર્મરૂપ રજ તથા મળ નાશ પામ્યાં છે.
૫. સ્વાધ્યાય કરનાર તેમજ સ્વાધ્યાય...................... બન્ને નું એકાંતે કલ્યાણ જ થાય છે.
૬. ભરત અને ઐરાવત ક્ષેત્રનો સમાવેશ............................ ક્ષેત્ર માં થાય છે.
૭. ..................... ધર્મની આરાધના એકાંત આત્માના હિતમાટે સાધકે કરવાની છે.
૮. ..................... વ્રતમાં એક પ્રતિક્રમણ સહિત દસ સામાયિક એક સાથે કરવાનો વ્યવહાર છે.
૯. ..................... એના સ્વાધ્યાયમાં મરજીવા ડુબકી મારે એને શ્રુતસાગરમાંથી રત્નો મળે.
૧૦. અજિતનાથ ...................... ભગવાનનું જોડલું મને હર્ષ આપો.
૧૧. તીર્થંકર નામકર્મનો .................. છદ્મસ્થને ન હોય એનો ઉદય કેવલજ્ઞાન પ્રાપ્તિ પછી જ થાય છે.
૧૨. સામાયિકમાં મન-વચન-કાયાનાં........................ લાગવાની સંભાવના હોય છે.
૧૩. જીવોનું શરીર ...................... નામકર્મના ઉદયથી ઠંડા પ્રકાશ સ્વરુપે ચમકે છે.
૧૪. મેતાર્ય ને વાસ્તવિકતા સમજાઇ ગયા પછી તેઓ પક્કડ રાખનારા .................. ન હોતા.
૧૫. .......................ક્ષેત્રનો સમાવેશ થાય છે જે જબૂંદ્રીપના બરાબર મધ્યમાં છે.
૧૬. ..................... નામ કર્મના ઉદયથી સર્વ લોકો તેના વચને માન્ય કરે છે.
૧૭. ધર્મ કથા ...................... વિકારની ઉત્તેજનાને શાંત કરે છે.
૧૮. આકાશ જેમ અનંત તેમ ...................... પણ અનંત.
૧૯. અભ્યાસ જે છે તે ........................ પણ માણસની પછવાડે ચાલતો આવે છે.
૨૦. કુંભાર દુધ વિગેરે માટે સુઘટ,સારા, સુંદર ઘડા પણ બનાવે અને મદિરા વિગેરે માટે કુઘટ ............ પણ બનાવે છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. કયા બ્રાહ્મણના આમંત્રણથી મેતાર્યસ્વામી એ યજ્ઞ માં ભાગ લેવા અપાપાપુરી આવ્યા ?
૨. કયા કર્મ ના ઉદયથી જીવને સાધારણ શરીર પ્રાપ્ત થાય છે ?
૩. અસદ્ માર્ગથી આત્યાને પાછો કોણ વાળે છે ?
૪. પૌષધને વિષે ઉપવાસ એટલે શુ ?
૫. સામાયિક કરવાનો સમય હોય, તેમ છતાં સામાયિક ન કરે અથવા વીસારી મુકે તો કયો અતિચાર લાગે.
૬. રક્તા-રક્તવતીનદીઓ કયા સમુદ્રને મળે છે ?
૭. યજ્ઞ રૂપી આયુધવાળો યજમાન શીઘ્રતાથી કયાં જાય છે ?
૮. સોળ વિજયોની ૩૨ નદીઓને પ્રત્યેકને કેટલો પરિવાર છે ?
૯. સૂર્યના વિમાનરુપ રહેલા બાદર,પર્યાપ્ત પૃથ્વીકાય જીવોને કયા નામકર્મનો ઉદય હોય છે.
૧૦. કયા વ્રતમાં સર્વ વ્રતો અને સર્વ નિયમોનો ધીમે ધીમે સંક્ષેપ કરવાની ટકોર કરવામાં આવી છે.
૧૧. પ્રભુએ બતાવેલા ઉપાયોમાં એક ઉપાય આ છે ?
૧૨. કયો શ્રાવક દરરોજ સંધ્યાનું પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય કરતા હતા ?
૧૩. કોણે પોતે નરકમાં જવાના છે એ જાણીને ભ. મહાવીર પાસે જઇ નરક ગતિને ટાળવા માટે નો ઉપયા પૂછયો ?
૧૪. ઘરમાં હવે કોણી જરુર રહી નથી ?
૧૫. અંગ, ઉપાંગ અને અંગોપાંગની નિયત સ્થાને કયો નામકર્મ રચના કરે છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) સુકયં ૨) વવગય ૩) નઇઓ ૪) અટ્ટિમાઇ ૫) બલહિંપિ ૬) પુખ્ખો ૭) કુણઉ ૮) સીઓયા ૯) દાયયા
૧૦) સુન્તહારસમં ૧૧) પત્તેય ૧૨) દિવ ૧૩) લદ્ધિ ૧૪) ભવદુગે ૧૫) વીરિએ ૧૬) વચ્છ ૧૭) અભિનેહિં
૧૮) લોહિ ૧૯) સિરિ ૨૦) તિ

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B | A | B |
|---|---|---|---|
| ૧) આકાશ | ૧) ઐરાવતક્ષેત્ર | ૬) નંદિષેણ | ૬) દત્તવિત્ર |
| ૨) આલસ | ૨) અજિત–શાંતિ સ્તવ | ૭) રકતાવતી | ૭) પાતાળ |
| ૩) વત્સભૂમિ | ૩) ૩૨ નદીઓ | ૮) ધના શેઠ | ૮) સ્થિર નામકર્મ |
| ૪) દાંત | ૪) નિર્ગામણા | ૯) સંથારક | ૯) મકાન |
| ૫) ઉપભોગ | ૫) કરળકા | ૧૦) ૧૬ વિજય | ૧૦) પાટ કાંબલા |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. દાનાદિ પાંચ લબ્ધિઓને અટકાવનાર અંતરાય કર્મ કેટલા પ્રકારે છે ?
૨. અજિતનાથ અને શાંતિનાથ બન્ને ભગવાનનુ નામ એક સાથે કેટલી ગાથામાં આવેલ છે ?
૩. મેતાર્ય ગણધર ની છદ્મસ્થાવસ્થા કેટલી ?
૪. ગંગા, સિંધુ આ નદીઓ કેટલા હજાર નદીઓ સાથે સમુદ્રમાં જાય ?
૫. ઉચ્ચ ગોત્ર કેટલા પ્રકારે ?
૬. ૧૬ વિજયો માં કેટલી નદીઓ છે ?
૭. દેસાવગાસિક વ્રતમાં કેટલા સામાયિક એક સાથે થાય ?
૮. પૌષધવ્રત માં કેટલા અતિચાર લાગે ?
૯. ૪૯–૫૦–૫૧ આ ત્રણ ગાથામાં ત્રસની કેટલી પ્રકૃતિઓ બતાવી (જણાવી) છે ?
૧૦. અજિત શાંતિ સ્તવ માં સંયમ કેટલા પ્રકારે કહેલ છે ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા ( × ) તે જણાવો** ૧૦

૧. હિમવંત ક્ષેત્રમાં રકતા અને રક્તાવતી નદીઓ છે.
૨. સામાયિકમાં મન,વચન,કાયાના પાત્રીસ દોષ લાગવાની સંભાવના હોય છે.
૩. પૌષધ આહારાદિ ભેદે ચાર પ્રકારનું છે.
૪. આજે પશ્ચિમની હવામાં આપણી રહેણી કરણી બદલાઈ ગઈ.
૫. અગ્નિકાયના જીવો સ્વયં ઉષ્ણ છે તેથી ત્યાં આતપ નામ કર્મનો ઉદય નથી.
૬. મેતાર્ય ગુણધર ઉમરના ૬૨ માં વર્ષે શિષ્યો સાથે રાજગૃહી પધાર્યા.
૭. જે કર્મના ઉદયથી પોતાના શરીરના અવયવોથી પોતેજ દુઃખી થાય, હણાય તે અપઘાત નામ કર્મ.
૮. જે કર્મના ઉદયથી જીવને સાધારણ શરીર પ્રાપ્ત થાય તે અસાધારણ નામ કર્મ છે.
૯. આત્માની નિર્મળતા પ્રાપ્ત કરવા માટે શુદ્ધિ જાળવવી અત્યંત આવશ્યક છે.
૧૦. મોક્ષના મુળરુપ જ્ઞાન, દર્શન, ચારિત્રને પમાડનારા અને સ્તુતિ કરેલા તે પૂજ્ય અજિતનાથ અને શાંતિનાથ ભગવાનનાં ચરણો મને શિવસુખ આપનાર થાઓ.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. ધર્મ કથાનું સ્થાન ઘર ઘરમાં ટી.વી. એ લઈ લીધુ છે.
૨. શય્યા તે ઉપકરણ સહિત સાડા ત્રણ હાથ લાંબી હોય.
૩. અભ્યંતર ક્ષેત્રમાં વહેતી નદીઓ પણ અભ્યંતર નદીઓ કહેવાય છે.
૪. યજ્ઞ રૂપી આયુધ્ધવાળો યજમાન શીઘ્રતાથી સ્વર્ગ લોકમાં જાય છે.
૫. ક્રોધનો અભિપ્રાય સાંભળીને તત્કાળ તે સર્પને જાતિ સ્મરણ જ્ઞાન થયું.
૬. આ સભાને પન સુખની વૃદ્ધિ આપો અને મને સંયમમાં આનંદ આપો.
૭. બાદર નામ કર્મના ઉદયથી જીવો બાદર એટલે સ્થૂલ થાય છે.
૮. શુદ્ધ પૌષધ ધર્મની આરાધના એકાંત આત્માના હિતમાટે સાધકે કરવાની છે.
૯. આ કાલમાં દીક્ષા અને સામયિક જે છે તે અભ્યાસ માત્ર છે.
૧૦. સ્વાધ્યાય આપણા જીવનનું એક અંગ હોવુ જ જોઈએ.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. પૌષધ વ્રતના અતિચાર સમજાઓ. ૨) અંતરાય કર્મ સમજાઓ. ૩) મેતાર્ય ગણધર ની શંકા નુ સમાધાન લખો.
૪. જંબુદ્વિપના બાહ્ય, મધ્ય અને અભ્યંતર ક્ષેત્ર સમજાઓ. ૫) ધર્મદાસ શ્રાવકનુ જીવન સમજાઓ

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com